# શ્રી મંત્રાધિરાજ નમસ્કાર મંત્ર શાશ્વતો કેમ ?

**નમો અરિહંતાણં**
**નમો સિધ્ધાણં**
**નમો આયરિયાણં**
**નમો ઉવજ્ઝાયાણં**
**નમો લોએ સવ્વ સાહૂણં**
એસો પંચ નમુક્કારો
સવ્વ પાવ પ્પણાસણો
મંગલાણં ચ સવ્વેસિં
પઢમં હવઈ મંગલં

## જૈનો જાગો

લેખાંક : ૪

રમેશ વૈજાણી

જગતના જેટલા મોક્ષમાર્ગી ધર્મો છે, તે સર્વ ધર્મોમાં સમાન તત્વો પડેલા છે, તે સમાન તત્વોનાં સમુહને મોક્ષમાર્ગ કહેવાય. તે સર્વ ધર્મોમાં જુદા જુદા સ્વરૂપે અને જુદી જુદી રીતે પાંચ પદોનું આરાધન કરાવે છે. તે સર્વ ધર્મોમાં પાંચ પદોનું શબ્દરૂપી સ્થાપન થયેલું નથી. તીર્થંકર પરમાત્માનું સર્વજ્ઞપણું અને જ્ઞાની પુરૂષોની જ્ઞાનની મહાનતાને કારણે જૈન ધર્મને શ્રી નમસ્કાર મહામંત્રના પ્રથમ પાંચ પદોમાં મોક્ષમાર્ગનું સંપૂર્ણ આરાધવાનું ફળ મળ્યું છે.

સર્વ ધર્મોમાં જૈન ધર્મનું સર્વશ્રેષ્ઠપણું આ પાંચ પદોને કારણે સિધ્ધ થાય છે.

**''પ્રધાનમ્ સર્વ ધર્માનમ્, જૈનં જયતિ શાસનમ્''**

**પાંચ પદોનું ઉપકારીપણું ધારણ કરતાં કરતાં ભાવે માર્ગાનુસારીપણું આવતા વાર કેટલી ?**

આપણે નમસ્કાર મહામંત્રનું વિશ્લેષણ નથી કરતા, અર્થઘટન નથી કરતા, વ્યાકરણ અને પ્રાસનો અર્થ નથી કાઢતા, ફક્ત પાંચ પદોમાં પડેલો મોક્ષમાર્ગનાં મર્મની વિચારણા કરીએ છીએ. આ પાંચ પદોનાં અનુસંધાનમાં પ્રકૃતિમા રહેલા તત્વોનો ગુઢ સંબંધ રહેલો છે. જેવા કે :

૧) આકાશ, ભૂમિ, વાયુ, અગ્નિ અને જળ તત્વો.
૨) સૂર્યદેવ, ચંદ્રદેવ, બુધદેવ-ગુરૂદેવ, શુક્રદેવ-શનિદેવ, રાહુદેવ-કેતુદેવ.
૩) સાધુપણાના પાંચ લક્ષણો : દેહભાવ છુટવો, નામભાવ છુટવો, દેહના સુખ-દુઃખ છુટવા, દેહને લગતા પદાર્થો છોડવા અને દેહને મળેલા સંબંધો છોડવા.
૪) પરમાત્માના પાંચ અંગ : જમણા પગનો અંગુઠો, મસ્તક, ભાલ પ્રદેશ (તિલક), હૃદયકમળ અને નાભિ પ્રદેશ.
૫) પાંચ ઈન્દ્રિયો : દૃષ્ટિ (આંખ), શ્વાચ્છોશ્વાસ (નાક), મુખ (જીભ), સાંભળવું (કાન) અને શરીર (સ્પર્શ).

**''મર્મની વિચારણા કરતા ધર્મ ધારણ કરવાનો છે.''**

મોક્ષમાર્ગ અનંતકાળથી ચાલ્યો આવે છે, વર્તમાનમાં ચાલુ છે અને અનંતકાળ સુધી ચાલુ રહેશે. (મોક્ષમાર્ગ શાશ્વતો છે.) તો મોક્ષમાં જવાવાળા જીવો પાંચ પદોનું ઉપકારીપણું સ્વીકાર્યા વગર મોક્ષમાં જઈ શકે નહીં. પૂર્વના સર્વ જીવો પાંચ પદોનું ઉપકારીપણું ધારણ કરીને મોક્ષે ગયા છે, વર્તમાનમાં જાય છે અને ભવિષ્યમાં જશે. કોઈ જીવ ક્યારેય પાંચ પદોનું ઉપકારીપણું સ્વીકાર્યા વગર મોક્ષમાં જઈ શકે નહીં.

મોક્ષ શાશ્વતો છે, માર્ગ શાશ્વતો છે, તો પાંચ પદોનું ઉપકારીપણું પણ શાશ્વતું છે, તો કેવી રીતે જીવ પાંચ પદોનું ઉપકારીપણું પોતાનામાં ધારણ કરે છે, તેની વિચારણા કરીએ.

■ ■ ■

### ૧) ''નમો અરિહંતાણં''

શ્રી તીર્થંકર પરમાત્માને (ઈષ્ટદેવને) વંદના.

શ્રી તીર્થંકર પરમાત્મા અથવા ઈષ્ટદેવ કોને કહેવાય ?

જે મોક્ષમાર્ગના શાસ્ત્ર રચાવે અને જે શાસ્ત્રના આધારે જીવો મોક્ષમાર્ગ પામે તેવા શાસ્ત્ર રચાવનારને શ્રી તીર્થંકર પરમાત્મા (ઈષ્ટદેવ) કહેવાય.

જો શાસ્ત્રનો આધાર જીવને ન મળે તો જીવ મોક્ષમાર્ગની ખાતરી ક્યાં જઈને મેળવે ? જીવને મોક્ષમાર્ગની ખાતરી ન મળે તો જીવ કુગુરૂ અને સુગુરૂના ભેદ પારખી ન શકે અને અનંત ભવભ્રમણ કરે તો પણ મોક્ષ ન પામે. મોક્ષમાર્ગમાં જનાર માટે જીવને શાસ્ત્રના રચાવનારનો પરમ ઉપકાર સ્વીકારવો પડે. અગર પરમ ઉપકાર ન સ્વીકારે તો શાસ્ત્રમાં શ્રધ્ધા ન જાગે. જો શ્રધ્ધા ન જાગે તો જીવ મોક્ષમાર્ગમાં ન ચાલી શકે.

શ્રી પરમાત્માદેવ જે બોલે તે શાસ્ત્ર કહેવાય, જે જવાબ આપે તે શાસ્ત્ર કહેવાય અને પરમાત્માનું જીવન શાસ્ત્ર કહેવાય. ટુંકમાં પરમાત્મા સદેહે શાસ્ત્ર સ્વરૂપ હોય છે.

શ્રી તીર્થંકર પરમાત્માનું ઉપકારીપણું સ્વીકારીને તેની ભક્તિ કરવાથી અનંત દોષોનો ક્ષય થાય છે અને અનંત ગુણો પ્રકાશીત થાય છે. એમાં મુખ્ય મુખ્ય ગુણોની વિચારણાઃ

- દેહ પ્રત્યેનો મમત્વભાવ છુટવો
- સહનશીલતા કેટલે સુધી કેળવી શકાય તે પરમાત્માના સાધનાકાળમાંથી જાણી શકાય છે.
- સાધનાકાળ દરમ્યાનનું મૌન.
- સાધનાકાળમાં ઈચ્છારહિતની સ્થિતી.
- નિષ્કામ કરૂણા દૃષ્ટિ. (અજ્ઞાને પણ બાળજીવો પાતાના થકી અનંત કર્મ ન બાંધે તેવો પૂર્ણ ઉપયોગ).

૧) શ્રી તીર્થંકર પરમાત્માની ઉપકારીભાવની ભક્તિથી જ્યોતિષીક દેવો(સૂર્યદેવ)નું ઉપકારીપણું પ્રાપ્ત થાય.
૨) પાંચ પ્રકૃતિના દેવોમાં આકાશ તત્વનું ઉપકારીપણું પ્રાપ્ત થાય.
૩) સાધુપણાનું પહેલું લક્ષણ દેહનું મમત્વ ત્યાગવું, તે ગુણ પ્રકાશીત થાય.
૪) પાંચ ઈન્દ્રિયોમાં મતિજ્ઞાનની નિર્મળતા થાય.
૫) સર્વ ઈચ્છા રહીતની સ્થિતિ પ્રાપ્ત કરવાનો ભાવ જાગે.
૬) સાતમું ગુણસ્થાનક, પાંચ જ્ઞાનમાંથી **મનઃપર્યવજ્ઞાન.**

આવા અનંત અનંત પરમ ઉપકારી શ્રી તીર્થંકર પરમાત્માની ઉપકારીપણાના ભાવ સાથેની ભક્તિ કરવાથી ઉપર જણાવેલ ગુણો પ્રાપ્ત કરવાની ઝુરણા જાગે.

■ ■ ■

### ૨) ''નમો સિધ્ધાણં''

(આત્મામાંથી પરમાત્મા)

શ્રી સિધ્ધ પરમાત્માના અનંત અનંત ઉપકારના કારણે જીવ નિગોદમાંથી બહાર નીકળે છે. (એક જીવ સિધ્ધપદને પામે ત્યારે નિયમથી એક જીવ નિગોદમાંથી બહાર નીકળે.) જગતનાં સર્વ જીવો ઉપર સિધ્ધ પરમાત્માનો અનન્ય ઉપકાર ચડી ગયો છે. જો આ ઉપકાર ન થયો હોત તો જીવ અનંત અનંત કાળ સુધી નિગોદના ભોયરામાં ભંડારાયેલો હોત. શ્રી સિધ્ધ પરમાત્માનો અનંત ઉપકાર સ્વીકારવાથી જેમ સિધ્ધ પરમાત્મા નામ વગરના હોય છે તેવી રીતે જીવમાં નામનું મમત્વભાવ મંદ કરવાનો ગુણ પ્રગટ થાય છે. બીજા અનેક ગુણો જેવા કે સર્વ સમય માટે સુખ સ્વરૂપની પ્રાપ્તિ થાય છે. જન્મ મરણના ફેરા ટળે છે. અને ઉપરના આપેલા તત્વોના દેવોનું ઉપકારીપણું પ્રાપ્ત થાય છે. આવા ઉપકારીપણાનો ભાવ ધારણ કરીને જીવ મોક્ષમાર્ગમાં સાધના કરતો કરતો પાંચ જ્ઞાનમાંનું પાંચમું જ્ઞાન **કેવળજ્ઞાન** પ્રાપ્ત કરે છે.

**''સદેહે સિધ્ધ પરમાત્મા''**

■ ■ ■

**પરમાત્મા પ્રત્યે શ્રધ્ધા ગુમાવી,**
**સિધ્ધ પરમાત્માનું સ્વરૂપ(આત્મા)નું વિસ્મરણ થયું,**
**આચાર્ય ભગવંતનો યોગ છુટી ગયો,**
**ઉપાધ્યાયજીનું આશ્રયપણું ગુમાવ્યું,**
**માતાપિતાની ભક્તિ ભુલી ગયો.**

### ૩) ''નમો આયરિયાણં''

(૩૬ ગુણોથી યુક્ત શ્રી આચાર્ય ભગવંત)

સદ્ગુરૂ, સંત, સુગુરૂ, ગુરૂદેવ, આત્મજ્ઞાની, જ્ઞાની પુરૂષ (આત્મસાક્ષાત્કારી). અનંત ભવભ્રમણમાંથી અલ્પભવમાં જવા માટે સુગુરૂના આશ્રય વગર એ શક્ય નથી. સુગુરૂનો અનંત અનંત ઉપકાર સ્વીકારીને જીવ સુગુરૂને આરાધવાથી વધીને પંદર ભવમર્યાદાવાળું **સમકિત** પ્રાપ્ત કરે છે. જીવ વિનય, વિવેક ધારણ કરીને સુગુરૂનો ઉપકાર સ્વીકારવાના ભાવ સાથે ત્રીજા પદનું ચિંતન, મનન કરે તો સુગુરૂનો ભાવી ભવોમાં યોગ પ્રાપ્ત થાય છે. અને સુગુરૂના ઉપકારના કારણે જીવને **અવધિજ્ઞાન** પ્રાપ્ત થાય છે. અને **જીવને સુખ-દુઃખ વગરનું આનંદ સ્વરૂપનું જીવન પ્રાપ્ત થાય છે.**

■ ■ ■

### ૪) ''નમો ઉવજ્ઝાયાણં''

(શ્રી ઉપાધ્યાયજી, શાસ્ત્રના જાણકાર એવા પરમ ઉપકારી પુરૂષ)

જીવને શાસ્ત્રના સારસ્વરૂપ મોક્ષમાર્ગની સાચી જાણકારી અને મોક્ષમાર્ગમાં ચલાવનારની સાચી ઓળખાણ શ્રી ઉપાધ્યાયજી થકી થાય છે. અને જો આવી શાસ્ત્રની સાચી સમજણ ન મળે તો બાળજીવમાં કયા દોષો કાઢવા માટે કયા ગુણો પ્રગટાવવા તે સમજણ મળતી નથી અને કુગુરૂ અને સુગુરૂનો ભેદ જાણી શકાતો નથી. અને એના કારણે અનંત ભવભ્રમણમાં કુગુરૂના સંગે ભટક્યા કરે છે. **''જેવા શિષ્ય તેવા ગુરૂ મળે છે.''** પણ જો શાસ્ત્રની સમજણ સાચી મળે તો જીવ પોતાની મોક્ષમાર્ગની ઝુરણાં વધારીને માર્ગાનુસારીપણું પ્રાપ્ત કરી શકે છે. અને સુગુરૂનો યોગ પ્રાપ્ત કરે છે. એવા અનંત અનંત ઉપકારી શ્રી ઉપાધ્યાયજીના કારણે જીવને **શ્રુતજ્ઞાન** પ્રાપ્ત થાય છે. અને જીવને જગતના પદાર્થના સ્વરૂપનું ભાન થાય છે.

**''મોક્ષમાર્ગની યથાર્થ સ્વરૂપની સમજણ સમકિતનું કારણ બને છે.''**

■ ■ ■

### ૫) ''નમો લોએ સવ્વ સાહુણં''

લોકમાં રહેલા સર્વ જીવોનું ઉપકારીપણું, મુખ્ય માતાપિતાનું ઉપકારીપણું, સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાનું ઉપકારીપણું.

જગતના સર્વ ધર્મોએ અને સર્વ સમાજે અને સર્વ કુટુંબોએ એક સુરે માતાપિતાનું ઉપકારીપણું સ્વીકાર્યું છે.

મોક્ષમાર્ગ મેળવવા માટે, મોક્ષમાર્ગમાં ચાલવા માટે અને મોક્ષમાં જવા માટે નિયમથી મનુષ્યપણું જોઈએ અને મનુષ્યપણું પ્રાપ્ત કરવા માટે માતાપિતા જોઈએ. એટલે કે મનુષ્યદેહ ધારણ કરવા માટે માતાપિતાનો પરમ ઉપકાર માનવો જોઈએ. જીવને અનંત અનંત દુઃખમાંથી અનંત અનંત સુખ એવા મોક્ષમાં જવાનું ઉપકારી કારણ માતાપિતા બને છે. અને આવા ઉપકારનો ઉદાહરણ દરેક શ્રી તીર્થંકર પરમાત્માના જીવનમાંથી મળે છે. દરેક તીર્થંકર પરમાત્મા પોતાનાં માતાપિતાની અનુમતી લઈને સ્વકલ્યાણ કરવા નીકળે છે.(શ્રી તીર્થંકર પરમાત્માના માતા એજ ભવે મોક્ષે જાય છે.)

**માતાપિતાના ઉપકારના કારણે જીવને સદગુણ અને શક્તિ અને મતિજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.**

ત્યાગનું બળ કેળવવા માટે સાધુ, સાધ્વીઓનો પરમ ઉપકાર. વૈરાગ્ય મેળવવા માટે નબળા જીવોનો પરમ ઉપકાર.

જીવને માતાપિતાનું ઉપકારીપણું સ્વીકારવાના કારણે નિષ્કામ ભક્તિયોગ પ્રાપ્ત થાય છે.

■ ■ ■

**સાધુ-સાધ્વી પાંચમાં પદમાં કોનો ઉપકાર સ્વીકારે?**

આવા પ્રકારના મોક્ષમાર્ગના પાંચ આરાધક પદો જીવને પરમ ઉપકારીભાવે મળ્યા નથી, મળ્યા હોય તો જાણ્યાં નથી, જાણ્યાં હોય તો માન્યા નથી. અને માન્યા હોય તો આરાધ્યા નથી અને આરાધ્યા હોય તો જીવની આવી દશા ન હોય !

**''મોક્ષમાર્ગની પ્રાપ્તિ અત્યંત દુર્લભ છે, મળે તો ચાલવું સરળ છે.''**

જીવને મોક્ષમાર્ગ મેળવવાં માટે, મેળવ્યા પછી ચાલવા માટે અને ચાલ્યા પછી મોક્ષ પામવા માટે અધિકારથી આ પાંચ પદોનું ઉપકારીપણું સ્વીકારવું પડે છે. અને આ ઉપકારીપણાંનો ઉપકાર જીવ સાધના કરતાં કરતાં જ્યારે પૂર્ણતાએ પહોંચે છે, ત્યારે નમ્રતાસહીત પોતાના ઉપકારનો બદલો બીજા બાળજીવો ઉપર ઉપકાર ચડાવીને પોતે ઉપકારના ઋણમાંથી મુક્ત થાય છે. એ કેવી રીતે ચાર પદોનો ઉપકારનો બદલો ઉપકાર કરીને વાળે છે, તે આગળના કોઈ લેખાંકમાં વિચારશું. સિધ્ધ પરમાત્માનો ઉપકાર જીવ કેવળજ્ઞાન પામીને જ્યારે નિર્વાણ પામી સિધ્ધપદને પામે છે, ત્યારે એક જીવને નિગોદમાંથી બહાર આવવામાં નિમિત્ત બનીને શ્રી સિધ્ધ પરમાત્માના ઉપકારનો બદલો નિગોદમાંથી નીકળેલા જીવ ઉપર ઉપકાર કરીને વાળે છે. આવી રીતે મોક્ષમાર્ગ પાંચ પદોના ઉપકારીપણાના ભાવ સાથે આરાધવાથી ક્રમિક રીતે શાશ્વતી રીતે જળવાઈ રહેલ છે.

શ્રી મહાવીર ભગવાને આપેલો મોક્ષમાર્ગ એટલે કે બુધ્ધિમાં આવે એવો બુધ્ધિગમ્ય અને અનુભવમાં આવે એવો અનુભવગમ્ય મોક્ષમાર્ગનું સ્થાપન કર્યું છે. અને મોક્ષમાર્ગમાં મંત્રાધિરાજ શ્રી નમસ્કાર મહામંત્રનું બુધ્ધિગમ્યપણું અને અનુભવગમ્યપણું દર્શાવ્યું છે.

■ ■ ■

અનુસંધાન પાના નં ૬ પર

# શ્રી મંત્રાધિરાજ નમસ્કાર મંત્ર શાશ્વતો કેમ ?

**અનુસંધાન પાના નં ૭ થી ચાલું**

**“જે બુધ્ધિગમ્ય અને અનુભવગમ્ય હોય તેને શ્રધ્ધા કહેવાય, જે બુધ્ધિમાં ન આવે અને અનુભવમાં પણ ન આવે તેને અંધશ્રધ્ધા કહેવાય.”**

**એક દેવને માટે એક મંત્રની સાધના કરવાથી એ દેવનો સાક્ષાત થાય તેને મંત્ર કહેવાય. એ દેવને ઘણા જીવો તે મંત્રથી સાક્ષાત્કાર કરે તો મહામંત્ર કહેવાય. અને સર્વ જીવો સર્વ દેવોનો જેના થકી સાક્ષાત્કાર પામે તેને મહામંત્રાધિરાજ કહેવાય જેનું બીજું નામ “નમસ્કાર મહામંત્ર”.**

**ધર્મ પ્રતિકુળતાએ કરવાનો હોય છે અને સંસાર વ્યવહાર અનુકુળતાએ કરવાનો હોય છે.**

જીવને જ્યાં સુધી પ્રથમ પાંચ પદોના ઉપકારી ભાવમાં ન જવાય ત્યાં સુધી જીવ પાંચે પદોનું બાકીના ચાર પદો થકી અત્યંત ભક્તિભાવથી વંદના કરે છે.

જીવે જાણતાં અજાણતાં પાંચ પદની કોઈપણ પ્રકારે વિરાધના કરી હોય અથવા આરાધના કરનાર પ્રત્યે દ્વેષભાવ કર્યો હોય તો એવા પ્રકારના પાપમાંથી જીવ પાછો વળે છે.

આ પાંચે પદોનું જગતના સર્વ જીવો ચિંતન-મનન અને આચરણ કરીને પોતાનું કલ્યાણ સાધે છે. (કલ્યાણ થાય છે)

જૈન ધર્મમાં પ્રચલિત સ્તુતિની અંદર નમસ્કાર મહામંત્રનો જે મહિમા ગાયો છે એનાથી વિશેષ જીવ વધારે શું કહી શકે ?

“સમરો મંત્ર ભલો નવકાર, એ છે ચૌદ પૂર્વનો સાર,
એના મહિમાનો નહી પાર, એનો અર્થ અનંત અપાર”

આવા અનંત પ્રકારના ગુણો પ્રગટાવવા માટે અને સંસારભ્રમણના દોષો ટાળવા માટે (આધિ-વ્યાધિ-ઉપાધિ=વિપર્યાસ બુધ્ધિ) પરમાત્માના પાંચ અંગની નમસ્કાર મહામંત્રના પ્રથમ પાંચ પદના ઉપકારીપણાના ભાવ ભાવતા શાશ્વતી અભિષેક પુજા (પ્રક્ષાલ પુજા) જીવ કરે તો ઘણા પ્રકારની મતિજ્ઞાનની નિર્મળતા પ્રગટ થાય અને આધિ-વ્યાધિ-ઉપાધિઓનું નિવારણ થાય અને સુખ શાંતીની અનુકુળતા સાથે જીવ મોક્ષમાર્ગે સરળતાથી અને સહજતાથી ચાલી શકે.

## પ્રક્ષાલ પુજાની સરળ રીત :

જેવી રીતે સંસારમાં આવતા ઉપાધિઓનું નિવારણ અર્થે સ્નાત્ર પુજા, અંતરાય કર્મની પુજા, અઢાર અભિષેક પુજા વિગેરે પ્રકારની અનુષ્ઠાન ક્રિયાઓ અને પુજનો કરીએ છીએ, તેવી રીતે વિપર્યાસપણું ટાળવા માટે (મતિજ્ઞાનની નિર્મળતા) પરમાત્માની નિયમીત અભિષેક પુજા કરવી જરૂરી છે. જીવે આજ સુધી પરમાત્માની ભક્તિ માટે સમયની અનુકુળતા વિચારી છે. આમાંથી જીવની ધર્મ વિષેની સમજણ નીકળે છે અને પરમાત્મા વિષે શ્રધ્ધાનું માપ નીકળે છે. જીવે હંમેશા પરમાત્માની ભક્તિ સમય અને શરીરની અનુકુળતા જોઈને કરી હોવાથી અલ્પ ફળ મળે છે. પણ જો જીવ સમયની પ્રતિકુળતા અને શરીરની પ્રતિકુળતા (સવારમાં છ વાગ્યાના સમયે  અને ભવભવાંતરની મુખ્ય સંજ્ઞા આહાર સંજ્ઞા, નિંદ્રા સંજ્ઞા અને મૈથુન સંજ્ઞાનાં ત્યાગ) સાથે પરમાત્માની શાશ્વતી અભિષેક પુજા કરે તો ઘણા મોટા પરીણામોની પ્રાપ્તિ થાય.

પરમાત્માનો અભિષેક કરતી વખતે પ્રથમ પરમાત્માના જમણા પગનાં અંગુઠાથી પ્રક્ષાલપુજા  શરૂ કરવી જોઈએ.

પહેલું પદ “નમો અરિહંતાણં”નું સ્મરણ કરીને જે પરમાત્માની અનંત શક્તિ, અનંત લબ્ધિ અને વાત્સલ્યભાવ પડેલો છે તેનો ઉપકારી ભાવે અભિષેક કર્યો ગણાય. (પરમાત્મા તેમની માતાની કુક્ષીમાં હતા ત્યારે માતાની અશંકા ટાળવા માટે જમણાં પગના અંગુઠાનું હલન કરાવીને મેરૂ પર્વતને કંપાવ્યા જેવું બળ જાગૃત કર્યું. પરમાત્માના સાધનાકાળ દરમ્યાન ચંડકોશિઆએ પરમાત્માને જમણાં પગના અંગુઠે ડંસ માર્યો ત્યારે પરમાત્માના જમણાં પગના અંગુઠામાંથી વાત્સલ્યભાવનું ઝરણું પ્રગટ્યું હતું.)

બીજું પદ “નમો સિધ્ધાણં”નું સ્મરણ કરીને ઉપકારી ભાવે પરમાત્માના મસ્તક ઉપર અભિષેક કરવો. અને એવી ભાવના ચિંતવવી કે મતિજ્ઞાનનું વિપર્યાસપણું ટાળીને મતિજ્ઞાનની નિર્મળતા થાય અને મતિજ્ઞાનનો ક્ષય થઈને કેવળજ્ઞાન પ્રકાશીત થાય.

**શ્રેષ્ઠ ફળનું ઉપાર્જન પુષ્ય નક્ષત્ર યોગ**

ત્રીજું પદ “નમો આયરિયાણં”નું સ્મરણ કરીને ઉપકારી ભાવે પરમાત્માના ભાલ પ્રદેશ ઉપર અભિષેક કરવો. અને એવી ભાવના ભાવવી કે નજીકના સમયમાં સુગુરૂનો યોગ થાય અને તેમના થકી અવધિજ્ઞાનની પ્રાપ્તિ થાય.

ચોથું પદ “નમો ઉવજ્ઝાયાણં”નું સ્મરણ કરીને ઉપકારી ભાવે પરમાત્માના હૃદયકમળ ઉપર અભિષેક કરવો. અને અભિષેક કરતા એવી ભાવના ભાવવી કે શાસ્ત્રની સાચી સમજણ આપી શકે એવા શ્રી ઉપાધ્યાયજીનો જીવને યોગ થાય અને સાચા શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ થાય.

પાંચમું પદ “નમો લોએ સવ્વ સાહુણં”નું સ્મરણ કરીને ઉપકારી ભાવે પરમાત્માના નાભિ પ્રદેશ ઉપર અભિષેક કરવો. અને અભિષેક કરતા એવી ભાવના ભાવવી કે મારૂં નાભિચક્ર (શક્તિ કેન્દ્ર) જાગૃત થાય અને મોક્ષમાર્ગમાં ચાલતી વખતે સંસારની આવતી પ્રતિકુળતાઓનો સામનો કરવાનું બળ મળે અને પ્રતિકુળતાઓમાં ટકી રહેવા માટે સદગુણો પ્રગટ થાય.

**જૈન કુળના જીવનું પ્રમુખ લક્ષણ જગતના જીવોને ઉપકારીપણામાં લેવા અને આદરભાવે જોવા.**

આવા પ્રકારની ઉપકારીપણાની ભાવના ભાવતા ભાવતા જીવ પરમાત્માને પોતાના જીવનમાં શ્રધ્ધાપૂર્વક સ્થાપન કરે. જીવ સાચા મનથી, સાચી રીતે (શાશ્વતી રીત), સાચા દ્રવ્યો (શાશ્વતા દ્રવ્યો : દુધ અને જળ) અને સાચા ઉપકારી ભાવે પરમાત્માનો અભિષેક કરે તો જીવની ઈચ્છાપૂર્તી અવશ્ય થાય.

અને જો અભિષેક પુજાનો યોગ ન હોય તો પરમાત્માના જે જે અંગ ઉપર જે જે ભાવના ભાવવાની કહેલ છે ત્યાં દૃષ્ટિ સ્થાપીત કરીને તે પદનું ચિંતન, મનન અને સ્મરણ અવશ્ય કરવું.

વ્યવહારમાં ચાલતી સર્વ ક્રિયાઓનો પૂર્ણ આદર છે. એ ક્રિયાઓ કરતા અજ્ઞાનપણે પરમાત્માની વિરાધના ન થાય તેનો જીવે ઉપયોગ રાખવો.

**“સર્વ મંગલ માંગલ્યમ્,**
**સર્વ કલ્યાણ કારણમ્”**

આ આખી સમજણ લખનાર જીવે શ્રી મહાવીર ભગવાનને માથે રાખીને, શાસનદેવીની સાક્ષીભાવે અને સમકિતી દેવ-દેવીઓના હાજરભાવે કોઈપણ પ્રકારના દુર્ભાવ રહિત, કોઈપણ પ્રકારના દ્વેષબુધ્ધિથી રહિત અને કોઈપણ પ્રકારની સ્વાર્થબુધ્ધિ રહિત આપેલ છે. અને આમાં કોઈપણ પ્રકારનો દોષ ભળ્યો હોય તો આ લખનારને મિથ્યાત્વનો દોષ લાગે. અને આ બાબતની કોઈપણ ચર્ચા-વિચારણા શ્રાવકોએ ધર્માચાર્યો પાસે જઈને કરવી અને જાણકારી મેળવી, લખનાર પ્રત્યે અભાવ ન કરવો.